ક્રમાંક માધ્ય અનદ-૧/૨૦૨૫/૭૬૦૩-૩૬

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, બીજો માળ,
પુનિતવનની સામે, સેક્ટર-૧૯,
ગુ.રા.,ગાંધીનગર
તા.૩૦/૦૭/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
તમામ

વિષય:- રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે ઉમેદવારને હાજર થવા બાબત

સંદર્ભ:-૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:GH/SH/41/2024/ED/MIS/efile /3/ 2024/0482/G તા.૦૧/૦૮/૨૦૨૪
૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૫/૬૮૧૮-૫૧ તા.૨૭/૦૬/૨૦૨૫
૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:અનદ-૧/ઘ/માધ્ય/૨૦૨૫/૭૨૮૬-૭૩૨૦ તા.૧૯/૦૭/૨૦૨૫

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક ભરતી-૨૦૨૪ અન્વયે બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકોને ભલામણપત્ર/નિમણૂક હુકમ તા.૦૮/૦૭/૨૦૨૫ના રોજ તેમજ બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળામાં શિક્ષણ સહાયકોને ભલામણપત્ર/નિમણૂક હુકમ તા.૨૮/૦૭/૨૦૨૫ના રોજ એનાયત કરવામાં આવેલ છે.

નિમણૂક મેળવેલ ઉમેદવારો પૈકી કેટલાક જિલ્લાઓમાં ઉમેદવારોને શાળા સંચાલક મંડળ દ્વારા હાજર કરવામાં આવતા નથી તે અંગેની રજૂઆતો અત્રેની કચેરીને મળેલ છે. જે સબબ શાળા સંચાલક મંડળ સાથે પરામર્શ કરી આવા ઉમેદવારોને ફળવાયેલ શાળામાં હાજર કરાવવા અંગે આપની કક્ષાએથી તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવાની રહેશે અને જરૂર જણાય તો આપની કચેરીના સંબંધિત અધિકારીશ્રીને પણ ઉમેદવાર સાથે શાળામાં મોકલી હાજર કરાવવા અંગેની હકારાત્મક પરિણામલક્ષી કાર્યવાહી કરવાની રહેશે. તેમ છતાં જો શાળા મંડળ દ્વારા ઉમેદવારને હાજર કરવામાં ન આવે તો શાળા મંડળ વિરૂદ્ધ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

સંદર્ભ દર્શિતપત્ર-૨ અને ૩ થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને રાજ્યની સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની નિમણૂક આપવા અંગેની સૂચનાઓમાં જણાવ્યા મુજબ "શિક્ષણ વિભાગના તા.૦૧/૦૮/૨૦૨૪ના ઠરાવ મુજબ જો નોંધાયેલી બિનસરકારી અનુદાનિત શાળાનું મંડળ પસંદ થયેલ ઉમેદવારને નિમણૂક હુકમ ન આપે અથવા ફરજ પર હાજર થવા ન દે તો તેવા કેસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ - 1972, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ - 1974 અને ગ્રાન્ટ - ઇન - એઇડ કોડ- 1964ની જોગવાઇઓ તથા મળેલ સત્તા અનુસાર સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીએ શાળા અને શાળામંડળ સામે જરૂરી શિક્ષાત્મક પગલાં લેવાના રહેશે અને લીધેલ પગલાંની જાણ ગુજરાત રાજ્ય શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિને કરવાની રહેશે."

ઉપરોક્ત જોગવાઇઓને ધ્યાને લઈ જો શાળા મંડળ ઉમેદવારોને ફાળવાયેલ શાળામાં હાજર ન કરે તેવા સંજોગોમાં શાળાની સામે સરકારશ્રીના નીતિ નિયમો અનુસારની કાર્યવાહી કરવાની ફરજ પડી શકે છે. જે બાબત શાળા મંડળના ધ્યાને લાવવાની રહેશે.

માન. નિયામકશ્રીની નોંધ પર મળેલ મંજુરી અન્વયે

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
ગુ.રા., ગાંધીનગર

જા.નં./મા-૩/ભરતી/૨૦૨૫/૧૫૩૫
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લોક, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા.૩૧/૦૧/૨૦૨૫

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિલ્લો, સુરત.

પ્રતિ,
પ્રમુખશ્રી/મંત્રીશ્રી/આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ મા.ઉ.મા શાળાઓ,
સુરત, જિ. સુરત.

૧- ઉક્ત પત્રની જાણ તથા અમલવારી સારૂ.